દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર

ગુજરાતમિત્ર ૧૬૩ વર્ષ

સોમવાર ૨૦ જુલાઈ, ૨૦૨૬

# નૈતિક જવાબદારી સ્વીકારી મંત્રીઓ રાજીનામા નહીં આપે તો ગલીએ ગલીએ વાંગચૂક જન્મ લેશે

સોનમ વાંગચૂક ભારતના જાણીતા શિક્ષણવિદ, ઇજનેર, પર્યાવરણપ્રેમી અને સમાજસેવક છે. તેઓએ લદ્દાખના વિકાસ, શિક્ષણમાં સુધારા અને પર્યાવરણના સંરક્ષણ માટે વર્ષો સુધી મહત્વપૂર્ણ કાર્ય કર્યું છે. તેમની કાર્યશૈલી હંમેશાં અહિંસક, લોકશાહી મૂલ્યો અને જનહિત પર આધારિત રહી છે. જ્યારે તેમની ધરપકડના સમાચાર સામે આવ્યા, ત્યારે દેશના વિવિધ ભાગોમાં લોકોમાં ભારે આક્રોશ ફેલાયો. ઘણા લોકોએ આ ઘટનાને અભિવ્યક્તિની સ્વતંત્રતા અને લોકશાહી અધિકારો સાથે જોડીને ચર્ચા કરી હતી. સોનમ વાંગચૂકને બળજબરીથી ઊપાડીને હોસ્પિટલમાં લઇ જવાયા હતા. ત્યારે ઉલ્લેખનીય છે કે, જો વારંવાર દેશની સૌથી ઉચ્ચ કક્ષાની પરીક્ષાના પેપર લીક થતાં હોય અને શિક્ષણ પ્રધાન ગુંદર લગાડીને ખુરશી પર બેસી ગયા હોય તો તેવાને હટાડવામાં નહીં આવે તો આ દેશમાં ગલીએ ગલીએ સોનમ વાંગચૂક જન્મ લેશે.

સોનમ વાંગચૂક લાંબા સમયથી લદ્દાખને બંધારણની છઠ્ઠી અનુસૂચિ હેઠળ વિશેષ સુરક્ષા, સ્થાનિક લોકોના અધિકારોનું રક્ષણ, રોજગારની તકો અને પર્યાવરણના સંવર્ધન માટે અવાજ ઉઠાવી રહ્યા હતા. તેઓએ અનેક વખત શાંતિપૂર્ણ ઉપવાસ, પદયાત્રા અને જનજાગૃતિ અભિયાન દ્વારા પોતાની માંગણીઓ સરકાર સમક્ષ રજૂ કરી હતી. તેમનો અભિગમ હંમેશાં અહિંસક રહ્યો હોવાથી તેઓ દેશભરમાં લાખો લોકો માટે પ્રેરણાસ્ત્રોત બન્યા છે.

ધરપકડના સમાચાર સામે આવતા જ અનેક સામાજિક કાર્યકરો, વિદ્યાર્થી સંગઠનો, પર્યાવરણપ્રેમીઓ અને રાજકીય પક્ષોએ વિરોધ વ્યક્ત કર્યો. સોશિયલ મીડિયા પર પણ લોકો મોટી સંખ્યામાં તેમની સાથે એકતા દર્શાવતા જોવા મળ્યા. ઘણા લોકોનું માનવું હતું કે શાંતિપૂર્ણ રીતે પોતાની વાત રજૂ કરવી દરેક નાગરિકનો બંધારણીય અધિકાર છે અને આવા અવાજોને દબાવવાનો પ્રયાસ લોકશાહી માટે યોગ્ય નથી. બીજી તરફ, વહીવટી તંત્રનું કહેવું હતું કે કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે જરૂરી પગલાં લેવામાં આવ્યા હતા. આથી સમગ્ર મુદ્દે વ્યાપક ચર્ચા શરૂ થઈ.

આ ઘટનાએ માત્ર લદ્દાખના પ્રશ્નો જ નહીં, પરંતુ પર્યાવરણના સંરક્ષણ, સ્થાનિક લોકોના હકો અને વિકાસના મોડેલ અંગે પણ નવી ચર્ચાઓને જન્મ આપ્યો. યુવાનોમાં ખાસ કરીને આ મુદ્દા પ્રત્યે જાગૃતિ વધી અને અનેક લોકોએ લોકશાહી પદ્ધતિથી પોતાની વાત રજૂ કરવાની જરૂરિયાત પર ભાર મૂક્યો. વિવિધ શહેરોમાં શાંતિપૂર્ણ દેખાવો યોજાયા અને સોનમ વાંગચૂકને મુક્ત કરવાની માંગ ઉઠી.

લોકશાહી વ્યવસ્થામાં મતભેદ અને વિરોધ સ્વાભાવિક બાબતો છે. સરકાર અને નાગરિકો વચ્ચે સંવાદ દ્વારા સમસ્યાઓનું સમાધાન શોધવું સૌથી અસરકારક માર્ગ માનવામાં આવે છે. કોઈપણ વિવાદમાં કાયદાનું પાલન કરવું જેટલું જરૂરી છે, તેટલું જ નાગરિકોના બંધારણીય અધિકારોનું સન્માન કરવું પણ જરૂરી છે. આ પ્રકારની ઘટનાઓ આપણને યાદ અપાવે છે કે લોકશાહીની શક્તિ સંવાદ, સહિષ્ણુતા અને પરસ્પર વિશ્વાસમાં રહેલી છે.

અંતમાં કહી શકાય કે સોનમ વાંગચૂકની ધરપકડથી દેશભરમાં ઊભો થયેલો આક્રોશ માત્ર એક વ્યક્તિ પ્રત્યેની સહાનુભૂતિ નહોતો, પરંતુ લોકશાહી મૂલ્યો, પર્યાવરણના સંરક્ષણ અને નાગરિક અધિકારો અંગેની ચિંતાનું પ્રતિબિંબ હતો. મતભેદોને દમન કરતાં સંવાદ દ્વારા ઉકેલવામાં આવે તો સમાજમાં વિશ્વાસ વધે છે અને લોકશાહી વધુ મજબૂત બને છે. તેથી સરકાર, સમાજ અને નાગરિકોએ પરસ્પર સહયોગ અને ચર્ચાના માર્ગે આગળ વધીને દેશના સર્વાંગી વિકાસ માટે પ્રયત્નશીલ રહેવું જોઈએ.

વાંગચક ઉપવાસ પર બેઠા હતા ત્યારે બુધવારે કોર્ટમાં દાખલ કરવામાં આવેલી એક અરજીમાં દાવો કરાયો હતો કે 59 વર્ષીય સોનમ વાંગચુકનું વજન અત્યાર સુધીમાં 8.5 કિલો જેટલું ઘટી ગયું છે. જો તેઓ આગામી 48 કલાકમાં ઉપવાસ નહીં તોડે તો તેમનો જીવ જોખમમાં મુકાઈ શકે છે. અરજીમાં સરકાર પર આ ગંભીર પરિસ્થિતિ પ્રત્યે સંવેદનહીન હોવાનો આક્ષેપ પણ કરાયો હતો. અરજીકર્તાએ માંગ કરી હતી કે વાંગચુકને તાત્કાલિક સરકારી હોસ્પિટલમાં દાખલ કરીને માનવ શરીરને ટકાવી રાખવા માટે જરૂરી પોષક તત્વો, વિટામિન્સ અને મિનરલ્સ લિક્વિડ ડાયેટ (પ્રવાહી ખોરાક) દ્વારા બળપૂર્વક (Force-feed) આપવામાં આવે. અરજીમાં એવો પણ તર્ક અપાયો હતો કે શાંતિપૂર્ણ વિરોધ કરવો એ લોકતાંત્રિક અધિકાર છે, પરંતુ આંતરરાષ્ટ્રીય મીડિયાના કવરેજ વચ્ચે જો વાંગચુકને કંઈ થશે તો તે દેશ માટે વૈશ્વિક સ્તરે ખૂબ જ શરમજનક બાબત બનશે.

## કથા કથન

***હિમાંશી શેલતે 'પ્લેટફોર્મ નંબર ચાર' શીર્ષક હેઠળ લખેલું પુસ્તક વાંચ્યું છે? વાંચજો. આપણે જે જીવન જાણીએ છીએ તે કેટલું જાણીએ છીએ તે વાત જવા દો પણ એક મોટું અજાણ જીવન છે તે તો જાણ્યું જ નથી. અરે, તેમાં પ્રવેશવાનું સાહસ જ નથી.***

***એ પુસ્તકમાંથી સાંપડેલાં આ વિચારવાક્ય.***

સામાન્ય રીતે માણસ માત્રને પોતાનાં દુઃખોને વળગી રહેવાની આદત પડી હોય છે. દુઃખ નાનું હોય કે મોટું એને પંપાળીને પડખે રાખ્યા કરવામાં જીવન માટેનો પ્રેમ શોષાતો રહે છે.

**પૃષ્ઠ-8**

અંગત વેદનાને ઓળંગી જવામાં, એનું પ્રેમ અને કરુણામાં રૂપાંતર કરવામાં જ, મનુષ્યની જીવનનિષ્ઠા પ્રતિબિંબિત થાય છે.

**પૃષ્ઠ-8**

થાકેલાં, હારેલાં, ઉદાસીન અને ટાઢાંબોળ અથવા તો ચાલાક, પ્રપંચ અને વ્યૂહરચના વિના એકેય ચાલ ચાલી ન શકતાં થોકબંધ મોટેરાંઓ વચ્ચે નરવું વલણ જોવા માટેય આ બાળકો પાસે જવા જેવું છે, એમાં ભાગ્યે જ નિરાશા મળશે.

**પૃષ્ઠ-11**

આ ભ્રાંતિ અને વાસ્તવમાં અટવાયા કરવાનો થાક કેવો હોય એ તો જેને ઘા વાગ્યા હોય એ જ કહી શકે.

**પૃષ્ઠ-5**

જાળવી જાળવીને મોટા કરેલા તકલાદી લાડકવાયાઓ પરીક્ષામાં નાપાસ થવાની બીકમાં કે ફર્સ્ટ ક્લાસને બદલે સેકન્ડ ક્લાસ આવશે એવા ફફડાટમાં આપઘાત કરી નાખે છે!

**પૃષ્ઠ-19**

થોડા લાડ, થોડું ધ્યાન, ચપટીક મમતા મેળવવાનો અધિકાર તો દુનિયાભરનાં બાળકોનો છે.

**પૃષ્ઠ-32**

ગાળ બોલીએ ત્યારે આપણી જાત જણાય, આપણે કેવો વિચાર કરીએ છીએ તેની ખબર પડે.

**પૃષ્ઠ-38**

પાંગરતા જીવન માટે અમર્યાદ સ્નેહ મૂકીને કુદરતે સ્ત્રીને બહુ લાચાર બનાવી દીધી છે.

**પૃષ્ઠ-39**

કોઈને કંઈક આપવાથી સમસ્ત સમાજ આળસુ અને લાલચુ બની જશે, ઉદ્યમનો મહિમા નાશ પામશે અને સ્વર્ગમાં ઈશ્વર આપણને અપરાધી ઠરાવી દંડશે એમ કલ્પી માણસ જેવા માણસને (અને પ્રાણીઓને પણ કેમ સામેલ ન કરું?) ટાળવાનું ક્યા ધોરણે વાજબી ઠેરવી શકાય એ સમજવું અઘરું છે.

## ગાંધીને ફરી જાણો તે માટે જાણવા જેવી વાતનું પુસ્તક



ગાંધીજીએ કેટલા પત્રો લખ્યા અને ગાંધીજીને કેટલા પત્રો મળ્યા તેનો હિસાબ તો મળે એવો નથી કારણ કે તે ગંજાવર છે. પણ 'ગાંધીજી જહાં હો વહાં- મહાત્મા ગાંધી અને ટપાલ સામગ્રી' નામનું પુસ્તક તમને અચંબામાં મૂકી દેશે. ગાંધીજી દેશભરમાં ફરતા રહેતા એટલે ઠામ-ઠેકાણાં વિનાના હતા અને તેમની પર એવા પત્રો આવતાં જેની પર સરનામામાં 'મહાત્મા ગાંધી જહાં હો વહાં' લખાયેલું હોય ને એ પત્રો તેમને જ્યાં હોય ત્યાં શોધી લેતા. ત્યારના ટપાલ ખાતાનેય કહેવું પડે! ગાંધીજી પર વિશ્વના 130 જેટલા દેશોએ ટપાલટિકિટ બહાર પાડી છે. અધ્યાપક-સંશોધક-વિવેચક હસિત મહેતાનું પુસ્તક તમને ગાંધી વિશે નવી નવાઈના પ્રદેશમાં લઈ જશે. 42 જેટલા લેખમાંથી કેટલાકનાં શીર્ષકો (1) ગાંધી સિધ્ધાંતોને ભુલાવતી ભારતની સર્વપ્રથમ ગાંધી ટિકિટો (2) ગાંધી-ચળવળે ડેડ લેટર ઓફિસ ઊભી કરાવી (3) પાકિસ્તાન પહોંચેલો ટેલિગ્રામ ગાંધીજીવનના કાળા દિવસોનો સાક્ષી (4) આઝાદીની રાતે ગાંધીજી ગંધાતા મકાનમાં ઉપવાસ પર બેઠા (5) ગાંધીજીને છેલ્લા જન્મદિવસે જીવવાનો મોહ રહ્યો નહીં. આ પુસ્તક અનેક એવા ફોટોગ્રાફ્સ અને દસ્તાવેજી વિગતોથી ભરેલો છે કે વાંચ્યા વિના રહેવાય નહીં અને ગાંધીનો મહિમા કેવો થઈ શકે તે સમજાય. આ પુસ્તક અનેક બેનમૂન ટપાલ ટિકિટો ઉપરાંત જે નાટકીય લાગે. એવા પ્રસંગ ઘટનાના સંદર્ભો આલેખે છે. વાંચો, મઝા પડશે. ગાંધીનું અવતારકાર્ય સમજાશે- ફરી, ફરી ફરી.

**પુસ્તકઃ** ગાંધીજીઃ જહાં વો વહાં **લેખકઃ** હસિત મહેતા **પ્રકાશકઃ** નવજીવન મુદ્રણાલય, અમદાવાદ- 380009 **કિંમત. રૂા. 350/-**

## હું પૂછું, તમે કહો

**(1) કવયિત્રી મીરાંબાઈનાં માતા વીરકુંવરબાઈ ગુજરાતના એક રજવાડાનાં કુંવરી હતાં, એ રજવાડું કયું?**

(ક) જૂનાગઢ (ખ) ભાવનગર (ગ) હળવદ (ઘ) વાંસદા

**(2) 'પકડો કલમ ને કોઈ પળે એમ પણ બને આ હાથ આખેઆખો બળે એમ પણ બને શેર કયા કવિની ગઝલનો છે?**

(ક) આદિલ મનસુરી (ખ) કૈલાસ પંડિત

(ગ) આસિમ રાંદેરી (ઘ) મનોજ ખંડેરિયા

**(3) ચુનીલાલ મડિયાએ 1963માં જે એક સાહિત્યિક માસિક શરૂ કરેલું તેનું નામ શું?**

(ક) રુચિ (ખ) પ્રસ્થાન (ગ) કુમાર (ઘ) કંકાવટી

**(4) જાણીતા ટેસ્ટ ખેલાડી જશુ પટેલના સુકાનીપદે ગુજરાત કોલેજની ક્રિકેટ ટીમમાં સતત પાંચ વર્ષ ક્રિકેટ રમનાર સુગમ સંગીતકાર જેમણે કાશીનો દીકરો ફિલ્મમાં પણ સંગીત આપેલું.**

(ક) ગૌરાંગ વ્યાસ (ખ) ક્ષેમુ દિવેટિયા (ગ) મેહુલ સુરતી (ઘ) રાસબિહારી દેસાઈ

**(5) એ કવિ જેમણે હું માનવી માનવ થાઉં તો ઘણું કહેલું, જેઓ મહર્ષિ અરવિંદના પ્રભાવમાં પુદુચેરી (પોંડિચેરી) વસી ગયેલા?**

(ક) સુન્દરમ (ખ) પૂજાલાલ (ગ) સુંદરજી બેટાઈ (ઘ) પન્નાલાલ પટેલ

**જવાબ**


1-ગ, 2-ઘ, 3-ક, 4-ખ, 5-ક

# મનોજગતમાં ઊથલપાથલ મચાવતી વાર્તાઓનો વાંચવો ગમે તેવો અનુવાદ

જેમ સઆદત હસન મન્ટોને વાંચ્યા વિના ન ચાલે તેમ તેમના જ સમય સાથે વિચારતાં જે યાદ આવે તે ઈસ્મત ચુગતાઈને વાંચ્યા વિના પણ ન રહી શકાય. તેમણે ઉર્દૂમાં લખ્યું પણ ઉત્તમ સાહિત્યના વાચક ભાષાના વ્યવધાન પાર કરવાની રીત પણ શોધી લે છે. મન્ટોની 22 વાર્તાઓના અનુવાદ આપનાર શરીફા વીજળીવાળા ઉર્દૂ લિપિ ઉકેલી શકે એવાં તો નથી પણ ઉર્દૂ સાહિત્ય હિન્દી દેવનાગરીમાં ઉપલબ્ધ થયા પછી લિપિની સમસ્યા વિના ઉર્દૂ સાહિત્ય વાંચવાની સગવડ થઈ ગઈ. ડો. શરીફા વીજળીવાળા મન્ટોના ચાહક એટલે તેમની વાર્તાના અનુવાદ કર્યા પણ પછી ઈંતિઝાર હુસૈન, મંઝૂર એહતેશામ, રાહી માસૂમ રઝા, અસગર વજાહત વગેરેની કૃતિના અનુવાદ વખતે ઉર્દૂ ભાષા નહીં, તેમના માટે દેશ વિભાજનનો યાતનામય સમય ઉર્દૂમાં ઝીલાયો હતો તેનો ગુજરાતમાં પરિચય કરાવવો એવી નેમ હતી. હમણાં ચુગતાઈની દશ વાર્તાના અનુવાદ 'ઈસ્મત ચુગતાઈની વાર્તાઓ'નો હેતુ ઈસ્મત આપાની વિલક્ષણ વાર્તાશૈલી, સાહિત્યકારો જે વિષય અપનાવવા કદી તૈયાર ન થાય એવા વિષયની વાર્તાઓ, તેમાં પ્રગટતું સહજ અને છતાં મનોવિજ્ઞાનની ભૂમિકાએ થતું નિરુપણ અને ઓહ જબરદસ્ત કહી શકાય તેવી શૈલી. વાતચીતની સાહજિકતામાં રહી બે પાત્રો યા કુટુંબ યા મિત્રો વચ્ચે જે ઉર્દૂ ખીલે છે તે વાંચતાં થશે કે ઈસ્મતઆપાકા જવાબ નહી.

શરીફા વીજળીવાળા અનુવાદક યા વિવેચક, સંપાદક પછી છે, સહુથી પ્રથમ ભાવક છે. ખૂબ વાંચતાં વાંચતાં જે કૃતિ પર આફરીન પોકારી જાય તેને ગુજરાતીમાં લાવવાનું બીડું ઝડપે. મતલબ કે તેમણે અનુદિત કરેલી દરેક નવલકથા વાર્તામાં તેમનો મિજાજ પણ પ્રગટે છે. આ અનુવાદોની બીજી વિશેષતા એ કે ભાવક છે એટલે અનુવાદિત કૃતિગ્રંથ સાથે અનુવાદના કારણ તરીકે પેલી કૃતિ વિશે ખૂબ રસ પડે એ રીતે અને લંબાણથી લખે. એમની અનુવાદિત કૃતિ-ગ્રંથ વાચકોમાં લોકપ્રિય છે તેનું આ પણ એક કારણ દરેક અનુવાદ માટે ખૂબ શ્રમ કરવાનું અને અધિકૃત વાચના આપવાનું તેમનું વલણ છે અને આ વાર્તાઓ માટે પણ એમ જ હોય. 'ઈસ્મત ચુગતાઈની ગુજરાતીમાં માત્ર વાતો થઈ છે. 'લિહાફ' સિવાયની કોઈ વાર્તા ભાગ્યે જ ગુજરાતીમાં આવી હશે, તો આ એક અને બીજું એ કે, 'સ્ત્રીપુરુષ વચ્ચેના ભેદભાવ, સ્ત્રીની સ્વતંત્ર ઈચ્છાઓ, સ્ત્રી વિમર્શની દષ્ટિએ જોનારને આ વાર્તાઓ અચંબિત કરશે. 'તે પણ કારણ.

'લિહાફ વાર્તા અહીં 'રજાઈ' નામે અનુવાદ પામી છે. સ્ત્રી-પુરુષ વચ્ચેના જાતિય સંબંધો વિશે લખવાનું પુરુષ લેખકોય ક્યારેક જ સાહસ કરે



**પુસ્તકઃ** ઈસ્મત ચુગતાઈની વાર્તાઓ **અનુવાદઃ** શરીફા વીજળીવાળા **પ્રકાશકઃ** ચંદ્રમૌલિ એમ. શાહ, અરુણોદય પ્રકાશન, 202- હર્ષ કોમ્પલેક્સ, ખત્રીપોળ, ખાડીપોળ સામે, અમદાવાદ- 380001, **કિંમતઃ- રૂા. 240/-**

ત્યારે ઈસ્મત આપાએ બડા બિન્દાસ લહેજાથી લખ્યું ત્યારે ઘણાં ચોંકી ગયેલાં. પોતાના પુરુષ પાસે સેક્સનું સુખ ન પામી શકતી બેગમજાનને રબ્બો સાથે સજાતીય સંબંધો બંધાય છે. આ સંબંધ પછી બેગમજાન ખુશમિજાજ, તગડી બની જાય છે. તૃપ્તિનું સુખ, આ સંબંધને હજુ યૌવનમાં નહિ આવેલી છોકરી જુએ છે ને તેના અજ્ઞાત શરીરમાં પણ આ ઈચ્છાઓ જાગી છે. ઈસ્માઈ ચુગતાઈએ 'રજાઈ' તળેના વિલક્ષણ સંબંધની વાત 1941માં લખી હતી. 'ગેંદા' વાર્તામાં પણ જાતીય જીવન છે પણ તેમાં પુરુષવૃત્તિથી થતું શોષણ છે જે એક માસૂમની જિંદગીને રોળવી નાંખે છે. ઈસ્મતની વાર્તામાં પુરુષો સામે થતા સવાલો બહુ વિચારતા કરશે. એક વાર્તામાં નાયિકા તેના પ્રેમીના બદલે એવા પુરુષને પામે છે જે નપુસંક છે. પણ માની પસંદગી છે તો ઉપાય શું? પણ તેમાં મા પોતાની દીકરીના ભોગે પણ સુખ ભોગવે એવી વાત છે. ઈસ્મત ચુગતાઈ સ્ત્રીઓના પક્ષે જ રહી લખે એવા નહોતા. ઘણાં સાહસથી તેમણે સ્ત્રીના એ વાસ્તવને પ્રગટ કર્યું છે જે ખોટી હમદર્દીના કારણે ઢંકાયેલું રહે છે.

બધી વાર્તા વિશે લખવા જેવું નથી કારણ કે તે તો તમને અનુવાદ પહેલાં વાંચવા મળી જ જશે. શરીફા વીજળીવાળા ઈસ્મતની વાર્તા નિમિત્તે જે વિષયનો ઉઘાડ કરી આપે છે તે તો ગમશે પણ તેઓ જે મર્યાદા ચીંધે છે તે પણ ઈસ્મત આપાને સમજવામાં મદદ કરશે. (1) ઈસ્મતની વાર્તાઓમાં ભલે વ્યાપકતા નથી પણ ગહનતા તો છે જ. (2) ઈસ્મતનું કથાવિશ્વ વાચકને આત્મસંતુષ્ટિમાં કદી રાચવા નથી દેતું. લાગણીવેડામાં પણ નથી જવા દેતું. એ વાચકને વાસ્તવિકતા સાથે આંખમાં આંખ મેળવીને જોવાની ફરજ પાડે છે. (3) ઈસ્મતને કદી વિષયની ખોટ નથી પડી. સમાજમાં બેવડાં ધોરણો અને દંભને ઈસ્મત ખુલ્લાં પાડે છે. (4) 'વાસ્તવમાં ઈસ્મત સ્ત્રીના વજૂદ સાથે એકરૂપ બની ગયેલા જાતીયતાના પડને ઉખાડી નાખે છે જેથી એનું માનવીય સત્ત્વ પ્રગટ થઈ શકે. (5) સૂક્ષ્મ અવલોકનશક્તિ અને પ્રગલ્ભ અભિવ્યક્તિ એ ઈસ્મતની આગવી વિશિષ્ટતા છે.

શરીફા વીજળીવાળાએ ઈસ્મત ચુગતાઈનું જે વ્યક્તિચિત્ર આંક્યું છે તે તમને તેમના સમગ્ર સાહિત્ય અને સિનેમાના કાર્ય માટેનું આકર્ષણ જગાવશે. છેલ્લે પરિશિષ્ટમાં ઈસ્મત ચુગતાઈ જીવન અને કવનની વિગતો સહિત વાંચશો તો કોઈ P.hd કરનારને મદદ થાય એવું બનશે. 'આધી ઓરત, આધા ખ્વાબ'માં ઈસમત આપાનું બયાન છે. આખું પુસ્તક વાંચ્યા પછી થશે કે ઈસ્મત ચુગતાઈ જેવા સર્જક આપણી વચ્ચે આવીને ગયા તે ભાષાસાહિત્ય જ નહીં, હિન્દુ-મુસ્લિમ સહિયારા જીવનના સમયની પણ એક ઘટના હતા. મનુષ્યને જોવાની જે રીતે તેમની પાસે દૃષ્ટિ હતી તે વિલક્ષણ હતી ને તેથી તેમની અભિવ્યક્તિની ભાષાશૈલી પણ વિલક્ષણ હતી. તેમણે જે ભાષાના લહેકા, વાતચીતની બોલાશ અને સહજ રીતે જે તે સમયે જીવનને ઓળખાવતા રૂઢિ પ્રયોગો પ્રતીકોનો વિનિયોગ સાધ્યો છે તે અફલાતૂન છે. 'ઈસ્મત ચુગતાઈની વાર્તાઓનો આ અનુવાદગ્રંથ માટે સહુ ભાષારસિકો થેન્કયુ કહેશે.

**અક્ષરની આરાધના**
**સંપાદનઃ બકુલ ટેલર**

## જીવનનું જે કાંઈ બધું હતું તે અભિનયમાં ઓગળી ગયું




**ચૌદ જુલાઈએ નાટ્ય-અભિનેતા-દિગ્દર્શક-નિર્માતા અને ફિલ્મ-અભિનેતા ઉપેન્દ્ર ત્રિવેદીનો જન્મદિવસ હતો. (14-07-1937 થી 3-1-2015) તેઓ માત્ર અભિનેતા નહોતા, સાહિત્યના મર્મી ભાવક અને અભ્યાસી હતા. 'ઝેર તો પીધાં છે જાણી જાણી' અને 'વેવિશાળ 'નવલકથાનું નાટયરૂપાંતર કરનારા અને પન્નાલાલ પટેલની 'માનવીની ભવાઈ' ને અભિનેતા, દિગ્દર્શક, નિર્માતા તરીકે ફિલ્મમાં રૂપાંતરિત કરનાર ઉપેન્દ્ર ત્રિવેદી વકતા તરીકે ઊભા થાય ત્યારે તેમના સાહિત્યના જ્ઞાનથી લોકો અચંબિત થઈ જતાં. પ્રવીણ જોશીએ તેમને 'સંતુ રંગીલી'માં મુખ્ય ભૂમિકા આપવાનું એટલે જ તો નક્કી કરેલું. તો તેમના શબ્દોમાં થોડી વાત આ અહીં.**

મારી જીવનયાત્રાના પાંચ મુખ્ય ખંડ છે : (1) સંઘર્ષ, (2) કળા, (3) કુટુંબવત્સલતા, (4) જાહેર જીવન અને (5) રાજકારણ. આ પાંચેય અંગોને સરખો ન્યાય આપવા માટે જોઈએ સર્વગ્રાહી એકાગ્રતાની ક્ષમતા, જેના વડે પાંચેય ક્ષેત્રોમાંથી એકવાક્યતા તારવી સફળતાનાં સોપાન ચઢી શકાય. પૂર્વજન્મના સંસ્કાર, દૃઢ આત્મવિશ્વાસ, સંતકૃપા, સાહિત્યપરિશીલન અને કઠોર પરિશ્રમના સહારે મેં આ પડકાર ઝીલ્યો, જીવનને ચાકડે ચઢાવ્યું, દેહની માટી ગુંદીગુંદીને પાત્રોને અવનવા ઘાટ આપ્યા. આ પ્રયોગની પ્રક્રિયામાં વાસ્તવિક જીવનના પ્રત્યક્ષ અનુભવોનો, કળાકીય, સાહિત્યિક, કૌટુંબિક, રાજકીય તેમજ જાહેરજીવનના અનેક અનુભવો સાથે મેળ મેળવતાં મને ખાતરી થઈ કે પાંચેય ક્ષેત્રો એકબીજાનાં વિરોધી નથી પણ પૂરક છે. જો વિવેકપૂર્વક આ ઘટકોનો સમન્વય સાધવામાં આવે તો તે સાધકને વધુ બળકટ બનાવે છે, પંચમુખી સફળતા અપાવે છે.

હા, પાત્રમાં પ્રવેશ સરળતાથી થતો નથી, અભ્યાસ કરવો પડે છે. 'ભર્તૃહરિ' કરતો હોઉં તો તેનાં 'વૈરાગ્યશતક', 'નીતિશતક' અને 'શૃંગારશતક'ના ઊંડાણમાં ઊતરવું પડે. એ ડાયરેક્ટરની નહીં પણ પાત્રની જરૂરિયાત છે. પરકાયા પ્રવેશની વિદ્યા આપણા ખોળિયામાં બીજો આત્મા પ્રવેશે છે. આપણામાં પ્રવેશતો બીજો આત્મા કોણ છે, એ તો આપણે સમજવું પડે. એ પહેલાં આપણા ચિત્તનો કબજો લે છે અને પછી કાયાનો કબજો લે છે. એક વાર તમે શરીરમાં આત્માનો પ્રવેશ કરાવો, પછી તેનો મોક્ષ કે તેનું વિમોચન બહુ સહજ રીતે થતું નથી. સારો એવો સમય એ તમારી અંદર રહે છે અને તમે એની અંદર રહો છો.

## કાલિદાસના યક્ષના મેઘમાર્ગે આજે પણ જવા જેવું છે

ગયા બુધવારે આષાઢનો પ્રથમ દિવસ હતો. કાલિદાસની અમર કૃતિ 'મેઘદૂત'ને અને એ નિમિત્તે ભારતની વરસાદી ઋતુના રૂપને અને યક્ષે રામગિરિથી અલકાનગરી સુધી પહોંચવાનો જે નકશો વર્ણવ્યો હતો તેને ફરી પામવાનો સમય. વરસાદ વરસતો હોય ત્યારે જ જેની અનુભૂતિ વધારે તીવ્રતાથી થઈ શકે એવા મેઘદૂતનો મેઘમાર્ગ અને તેમાં પ્રગટતી સાંસ્કૃતિક મેઘદૃષ્ટિ વિશ્વસાહિત્યમાં અપૂર્વ છે. કુતૂહલ થાય કે ઈસવીસન પૂર્વેની ચાર પાંચ સદી પહેલાં લખાયેલા 'મેઘદૂત'માં કાલિદાસે જે ભારતીય ભૂગોળ દર્શાવી છે તે આજે હશે ખરી? યક્ષના મેઘમાર્ગે યાત્રા કરી શકાય ખરી?



મનિષા કુલશ્રેષ્ઠનું 'મેઘદૂત કી રાહ કે પથિક' પુસ્તક વાંચતાં અચંબો પામીશું કે મનિષા કુલશ્રેષ્ઠ કાલિદાસના યક્ષે બતાવેલા માર્ગ સુધી પહોંચતાં બે વર્ષ ગયાં અને તેમને જે અનુભવ થયો તે વિસ્મય પમાડે એવો હતો. પહેલાં તો આ રીતે યાત્રાની કલ્પના કરવી જ રોમાંચક લાગે પણ તેઓ રામટેકરીથી કૈલાસ સુધી ગયાં. જેમ જેમ આગળ વધતાં ગયાં તેમ તેમ કાલિદાસે વર્ણવેલા સ્થળે પહોંચતાં ગયાં ને ચકિત રહી ગયાં. રામનાં પદચિહ્નો શોધતાં જાણે શિવયાત્રા થઈ ગઈ. નાગપુર પાસે રામટેક છે ત્યાંથી મધ્યપ્રદેશ, છત્તિસગઢના રસ્તાઓ ખૂલતા ગયા. તેમની પાસે વર્તમાન ભારતના પર્યાવરણ સંબંધી પુસ્તક હતાં અને પ્રાચીન સમયના નકશા પણ સાથે રાખેલા. મેઘવિજ્ઞાન વિશે વૈજ્ઞાનિક જાણકારી પણ રાખી હતી. મનિષા કુલશ્રેષ્ઠ લખે છે કે 'મેઘદૂતમ્'નાં પદોમાં કાલિદાસ વન-પ્રાન્તરો', નગરો, પહાડો અને નદીઓનો એવો નકશો મેઘને આપે છે કે જે જરાય કાલ્પનિક નથી, એ સ્થાનો આજે પણ છે. શ્લોકોમાં વર્ણવાયેલાં સ્થાનોની પ્રાકૃતિક સંરચના પણ લગભગ તેવી જ છે. પણ આ 'મેઘદૂત' છે તો પ્રેમ અને વિરહનું કાવ્ય અને વાંચતાં વાંચતાં પ્રેમના જે રૂપને પામો છો તે પણ અનન્ય છે. સૃષ્ટિમાં ફેલાયેલો પ્રેમ યક્ષના એકાંગી વિરહને વ્યાપ્તિ આપે છે. યક્ષ રહી રહીને ઉત્તર દિશાથી આવનારા મલયાનિલને આલિંગે છે કારણ કે ઉત્તર દિશામાં હિમાલય છે ને ઉત્તરમેઘમાં પ્રવેશ કરતાંની સાથે જ અલકાનગરીમાં કાલિદાસની કલ્પના ઊંચી ઊંચી ઉડાન ભરવા લાગે છે. યક્ષની યક્ષિણી અલકાની અનન્ય સુંદરી છે. કાલિદાસ ફક્ત બાહરી જગતના પર્યાવરણની ગહનતાને જ નથી સમજતા, માનવમાત્રના મનોલોકનો પણ ખૂણેખૂણો ભરી દે છે. 'મેઘદૂત'ની રસસિકતતા આજે પણ ભારતીય સાહિત્યને ભીંજવે છે. જો તમે 'મેઘદૂતમ્' વાંચ્યું હોય યા વાંચવાનાં હો તો આ પુસ્તક પણ વાંચજો. આપણા સમયની કવયિત્રી મનિષા કુલશ્રેષ્ઠ એ માર્ગે યાત્રા કરે તે રોમાંચક અનુભવાશે.

**પુસ્તકઃ** મેઘદૂત કી રાહ કે પથિક **લેખકઃ** મનિષા કુલશ્રેષ્ઠ **પ્રકાશકઃ** રાજકમલ પ્રકાશન પ્રા.લિ. 1-બી, નેતાજી સુભાષ માર્ગ, દરિયાગંજ, નવી દિલ્હી, 110002 **કિંમતઃ રૂા. 399/-**

# ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

### મંદિરમાં મોબાઈલ બંધ રાખો

મોબાઈલનો ઉપયોગ દિનપ્રતિદિન વધતો જાય છે. રસિયાઓ ખાતા-ખાતા તથા પથારીમાં સૂતા સૂતા ઉપરાંત કાર-બાઈક ચલાવતા-ચલાવતા પણ મોબાઈલ પર વાત કરતા રહે છે. અરે, ઘણાં પ્રેમી-પંખીડાઓ તો મોડે સુધી ગપસપ કરતા રહે છે. પરંતુ મંદિરમાં મોબાઈલ બંધ રાખવો જોઈએ, મનની પરમ શાંતિ માટે લોકો ભગવાનના મંદિરમાં જઈને મસ્તક ઝુકાવીને પ્રાર્થના કરે છે. તે સમયે જો મોબાઈલનો રીંગટોન વાગે તો મંદિરમાં પણ ભગવાનની પ્રાર્થના, ઈશ્વરને બદલે મોબાઈલ પર વાત કરતા રહે છે તે ઉચિત નથી. કામ-ધંધો તો કાયમ છે. પરંતુ ભગવાનના ધામ ગણાતાં મંદિરમાં તો બે, પાંચ મીનીટ શાંતિ જાળવો, વોટ્સ-એપ આવ્યા પછી યુવાનો દયાહીન બનતા જાય છે. માર્ગ પર અકસ્માત થાય છે અને ઘાયલ-વ્યકિત લોહીથી લથપથ હોય તેને બચાવવા માટે સારવાર આપવાને બદલે આજના યુવાનો તેની મૂવી ઉતારતા હોય છે. ક્યાં ગઈ કરુણા-દયાભાવના? આમ મોબાઈલનો ઉપયોગ કરતાં દુરુપયોગ વધતો જાય છે. ઘણાં લોકો વાતચીત કરવા કરતાં મોબાઈલમાં ગેઈમ રમવામાં મશગૂલ રહે છે. ટૂંકમાં મંદિર, મસ્જિદ, ગિરજાઘર, ગુરુદ્વારામાં મોબાઈલ સદાય બંધ રાખો.

**તરસાડા – પ્રવીણસિંહ મહીડા**

### કોના ઉપર વિશ્વાસ કરવો તે વિચારવું કઠિન

કાપડ ઉદ્યોગમાં ઉઠમણાં થવાં એ કંઈ નવી વાત નથી. કાપડ વેચ્યા પછી પેમેન્ટ ક્યારે આવે તે નક્કી હોતું નથી. પેમેન્ટના ચેકો આવે અને પાર્ટી લે-ભાગુ હોય તો ક્યારે ચેક રીટર્ન પણ આવી શકે છે. મારે એક પાર્ટીમાં આવું જ થયું હતું. પાર્ટીએ મને ચેક આપ્યા અને તે ચેકને બેંકમાં જમા કરાવ્યા પરંતુ બેંકમાંથી ચેક રીટર્ન આવી ગયા અને લખ્યું હતું કે આ પાર્ટીનું ખાતું બંધ થઈ ગયું છે. ચેક લખનારની હિંમત તો જુઓ, ખાતું બંધ થઈ ગયા પછી પણ ચેકો આપીને છેતરપિંડી કરે છે અને આમાં બેંકોની પણ ભૂલ છે. જે ખાતું બંધ થઈ જાય તો તે ખાતાની ચેકબુક પરત લઈ લેવી જોઈએ. મેં પાર્ટીનો સંપર્ક કરતાં બીજા ચેકો લખી આપ્યા. તે ચેક બેંકમાં જમા કરાવ્યા પરંતુ તે ચેક પણ નોટ સફિશિયલ ફંડના કારણે રિટર્ન આવી ગયા હતા. કાપડ ઉદ્યોગમાં આવી ઘટના રોજિંદી બનતી હોય છે. પાતળા નફાથી ધંધો ચાલતો હોય અને તેમાં આવા ઠગ મળી જાય તો પછી ક્યારેક વિવર્સ દેવાદાર પણ થઈ જતા હોય છે. આજે લોકોની નિયત બગડી છે. જુના અને જાણીતા વ્યાપારીઓ પણ ક્યારે ઉઠમણું કરી નાખે તે કહેવાય નહીં. આજે કોના ઉપર વિશ્વાસ કરવો તે વિચારવું કઠિન છે.

**સુરત - વિજય તુઈવાલા**

### સૂરતી અને શબ્દ...

અધ્યાત્મ અને સંત પરંપરામાં સૂરતા અને શબ્દનો વિશેષ મહિમા તો છે જ સાથે સાથે જ્યાં સુધી બંનેનું ઐક્ય સધાતુ નથી ત્યાં સુધી ભક્તિ ફળતી નથી મારા ભાઈ!! સૂરતા નારી વાચક યોગ પુરૂષ વાચક અને ધ્યાન નાન્યત્તર વાંચક શબ્દો છે. પરંતુ ત્રણેય બાબતો અનુભૂતિ આત્મશાક્ષાત્કાર, સેલ્ફ રિલાઈઝેશન તરફની દિવ્ય દૃષ્ટિને જ ઉજાગર કરે છે. જે અધ્યાત્મ પથનો આખરી અને છેલ્લો પડાવ છે... શાયલ સાંઈવલીના શ્રૃંગાર રસથી તર-બ-તર શબ્દો અદભૂત અને રોમાંચક જરૂર છે. સામાન્યતઃ લગ્નપ્રસંગે વરરાજા અને વહુરાણી બંનેનો અનોખા શણગાર આપણને નજર અંદાજ તો છે જ. તેમની સાથે સાથે પરિવાર અને સગા સંબંધીઓ પણ સોળે કળાએ જાજરમાન થાતાં આપણે પ્રત્યક્ષ જોઈએ-નિહાળીએ છીએ. સૂરતા કોઈ નારી- સ્ત્રી નથી તેમ છતાં શાયરે તેના માથડાં ગુંથી નેણલાં આંજી વ્રજની નાર-ગોપી તરીકે ઠેરવી છે. ભલા માણસ આ તો હરિને પાંખવાનો પ્રસંગ માત્ર ક્ષણ-ક્ષણાધંનો ખેલ છે. જેનો મહિમા અપરંપાર અને અવિસ્મરણીય જરૂર છે!! ભક્તિમાં પછી બીજુ કશું પ્રાપ્ત કરવાનું રહેતુ નથી. પંચશીલ સિધ્ધાંતોનું અક્ષરસઃ પાલન કરી, સચ્ચાઈથી સેવા-પરમારથી લાગણીભર્યા સંબંધો જ જરૂરી છે. જે આપણો 'માનવભવ'' સુધારવા પર્યાપ્ત છે ભાઈ!!

**ઉમરપાડા - કનોજ મહારાજ**

### રામ રાજ્ય પ્રજા સુખી

રામ રાજ્ય પ્રજા સુખી નેતા સુખી. ગુજરાતના ગાંધીના રાજ્યમાં દારૂબંધી હોવા છતાંયે ખુલ્લેઆમ દારૂનું વેચાણ થાય છે. રોજનું કરોડો રૂપિયાનું ડ્રગ્સ ગુજરાતના દરિયાકિનારે ઊતરી રહ્યું છે. યુવાનોને ઘેલું કરાવનારું ડ્રગ્સ ભાવિ પેઢી માટે ખતરનાક પુરવાર થઇ શકે. ચારે બાજુ દબાણો વધતાં જાય છે. તેમાં પણ કરોડોનાં કૌભાંડ રચાય છે. હાલમાં ઘણા બધા અધિકારીઓ લાખો રૂપિયા પગાર લેતા હોવા છતાં લાંચ લેતાં અચકાતાં નથી. જૂનાં પેન્શરોને માંડ 1000 કે 1200 જેવું પેન્શન મળે છે. જ્યારે નેતાઓને અનેકગણું પેન્શન મળે છે. ખાનગી શાળાના શિક્ષકોનું ભારે શોષણ થાય છે. ઓછા પગારમાં વધુ કામ લેવાય છે. ગાંધીના ગુજરાતમાં લોકોને સુખ શાંતિ સમૃધ્ધિ અને જાહોજલાલી પ્રાપ્ત થઇ છે. સરકાર રોજ છાપામાં સુશાસનનો પ્રચાર અને પ્રસાર કરી રહી છે. ડબલ એન્જિનની ગુજરાત સરકાર કેન્દ્રના ઇશારે ચાલે એમાં વિરોધાભાસ હોઈ શકે એમાં કંઇ અજુગતું નથી. જેની જવાબદારી છે એવા નેતાઓ કામ કરતા નથી. કામ કરાવતા નથી. મજા કરે છે. નરેન્દ્ર મોદી એક માત્ર નેતા દેશ ચલાવી રહ્યા છે. વિદેશમાં પોતાનું સ્થાન જાળવી રહ્યા છે. ભારતને ગૌરવ અપાવી રહ્યા છે. ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી પણ હિંમતથી કામ કરી રહ્યા છે. જેઓ દેશ માટે ધન્યવાદને પાત્ર છે.

**સુરત - ગોપાળ આર. પરમાર**

### દાન કરવા ધારેલી રકમ દરિદ્રનારાયણોને વહેંચી દઈએ

ભગવાન રામની જન્મભૂમિ અયોધ્યામાં આવેલા રામલલાના મંદિરમાં, આસ્થાળુ ભક્તો, સોનાના અને ચાંદીના દાગીનાઓ તથા રોકડ રકમ ભગવાનને ચરણે ધરતાં રહ્યાં છે. આથી આવા મંદિરમાં કરોડો રૂપિયા જમા થયા છે. આ રકમમાંથી ત્યાં કામ કરનારાં કેટલાંક લોકોએ કરોડો રૂપિયા ગપચાવી દીધા છે. ઘણા પકડાયા છે. સરકારી રાહે, એમના ઉપર કામ ચાલશે. શું સજા થશે, એમને, એ તો રામ જાણે. ભારતભરમાં આવાં અનેક ધનવાન મંદિરો છે. ત્યાં કરોડો રૂપિયાનાં દાન, ભક્તો તરફથી મળતાં રહે છે. આવાં મંદિરોમાં પણ 'ઉથલપાથલ'' નહિ થતી હોય, એવું છાતી ઠોકીને કહી શકાય એમ નથી. મંદિરોમાં થતી આવી ચોરીઓ અટકાવવા, ભક્તજનોએ, એવાં મંદિરોમાં એક રૂપિયો પણ દાનપેટીઓમાં નાખવો જોઈએ નહિ. જે દાનની રકમ મંદિરોમાં નાંખવા ધરી હોય તે રકમ ત્યાં લાઈનો લગાવીને બેઠેલા દરિદ્રનારાયણને વહેંચી દેવી જોઈએ. મંદિરોની દાનપેટીઓમાં નાંખવા કરતાં ગરીબોને દાન આપવાથી અનેકઘણું પુણ્ય કમાવી શકાશે.

**સુરત - બાબુભાઈ નાઈ**

### જાગો ગ્રાહક જાગો

આજે બજારમાં વેચાણ માટે મૂકેલી મહત્તમ ચીજવસ્તુઓ પછી એ ખાદ્ય પદાર્થ હોય કે મોજશોખ ની વસ્તુઓ તમામ પર વેપારીઓ ગ્રાહકો પાસેથી મનસ્વી કિંમત વસૂલ કરે છે જેમકે ૫ થી ૩૦ kg ના ઘઉં, ચોખા, દાળ પર પ્રિન્ટેડ પ્રાઇસ હોતી નથી તેની કિંમત અનાજ વેપારી નક્કી કરે છે. એ જ રીતે ટ્રાવેલ્સ બેગો, પર્સ, કુર્તિ કે મોબાઈલ, શર્ટ અને જીન્સ પેન્ટ પર પ્રિન્ટેડ પ્રાઇસ હોતી નથી. એના પર દુકાનદાર પ્રાઇસ સ્ટીકર લગાવીને મનસ્વી કિંમત લખે છે અને ગ્રાહકોમાં સંતોષ હેતુ કિંમત પર ૧૦% થી ૧૫% ડિસ્કાઉન્ટ આપીને ગ્રાહકોને ધોળે દિવસે લૂંટે છે. આ અંગે સરકાર દ્વારા ગ્રાહક સુરક્ષા હેતુ દરેક ચીજ વસ્તુ પર પ્રિન્ટેડ પ્રાઇસ હોવી જરૂરી છે.

**સુરત - રાજુ રાવળ**